# BUSINESS મિત્ર

**સેન્સેક્સ 71 પોઇન્ટ ઘટ્યો, રોકાણકારોને રૂ. 1.97 લાખ કરોડનું નુકશાન**

# સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત ચોથા દિવસે નરમ ચાલ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. 14

સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલા શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યું હતું. આજે સપ્તાહના સતત ચોથા દિવસે ભારતીય શેરબજારમાં વેચવાલી હાવી રહેતા નરમ બંધ રહ્યા હતા. આજે પણ નફાવસુલીનું દબાણ ચાલુ રહેવા પામ્યું હતું અને સેન્સેક્સ અને નિફ્ટી નજીવા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. આમ, સપ્તાહના પાંચ દિવસમાં સોમવારને બાદ કરતા શેરબજાર સતત ઘટતું રહ્યું છે. આજે રોકાણકારોને રૂ. 1.97 લાખ કરોડનું નુકશાન થયું છે. બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 492 લાખ કરોડ પર પહોંચી ગયું છે.

વૈશ્વિક સ્તરે ક્રુડ ઓઇલના વધતા જતા ભાવોથી રૂપિયામાં દબાણ ચાલુ રહ્યું હતું. જોકે, આજે રૂપિયો 3 પૈસા જેટલો સુધર્યો હતો. જોકે, વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલની આજે પણ અસર રહી હતી.

શેરબજારમાં ટોપ ગેઇનર્સમાં અપોલો હોસ્પિટલ, ભારતી એરટેલ, અદાણી પોર્ટસ, અદાણી એન્ટર અને આઇસીઆઇસીઆઇ બેન્ક રહ્યા છે. જ્યારે ટાટા મોટર્સ પીવી, જિયો ફાઇ., એશિયન પેઇન્ટસ, હિન્દાલ્કો અને ઓએનજીસી ટોપ લુસર્સ રહ્યા હતા.

સેક્ટર વાઇઝ જોઇએ તો ફાર્મા, મેટલ અને ઓટો શેરોમાં ઘટાડો જોવાયો હતો. જ્યારે મીડિયા અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં વધારો થયો છે.

બીએસઇ સેન્સેક્સ 70.71 પોઇન્ટ એટલે કે 0.09 ટકા ઘટીને 78009.25 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જોકે, આજે પણ સેન્સેક્સ 78000 પોઇન્ટની સપાટી જાળવી રાખવામાં સફળ થયો હતો. ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 78048 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77684 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 29.85 પોઇન્ટ એટલે કે 0.12 ટકા ઘટીને 24366 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24405 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24300ની સપાટી તોડીને 23296 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 144.15 પોઇન્ટ એટલે કે 0.25 ટકા ઘટીને 57491.10 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે આઇસીઆઇસીઆઇ પ્રુડન્શીયલમાં 92.41 ગણા, હોનાસા કન્ઝ્યુમરમાં 26.43 ગણા, વેલસ્પન લીવીંગમાં 15.85 ગણા, જેએસડબલ્યુ ડ્યુલેક્સમાં 13.41 ગણા અને અપોલો હોસ્પિટલમાં 11.6 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે વેલસ્પન વીલીવંગમાં 33.07 ગણા, એલજી ઇલે.માં 29.68 ગણા, હોનાસા કન્ઝ્યુમરમાં 17.63 ગણા, એલ્જી ઇક્વિપમેન્ટમાં 16.17 ગણા, બ્રેઇનબીઝ સોલ્યુશન્સમાં 6.62 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.23 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.43 ટકા ઘટ્યો હતો, જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહી હતી. બીએસઇ ખાતે 1952 શેરો વધ્યા હતા, જ્યારે 2322 શેરો ઘટ્યા હતા અને 245 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ફાર્મા ઇન્ડેક્સ 0.90 ટકા ઘટીને નરમ બંધ રહ્યા હતા. જેમાં ઇપ્કા લેબ, લોરસ લેબ, ઝાયડસ લાઇફ સાયન્સીસ, પિરામલ ફાર્મા, આલકેમ લેબ, ઓરોબિન્દો ફાર્મા, એબોટ ઇન્ડિયા, ટોરેન્ટ ફાર્મા, બાયોકોન અને સન ફાર્મા ઘટ્યા હતા.

## રૂપિયો નજીવો સુધર્યો

વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ ચાલુ છે અને ક્રુડ ઓઇલના ભાવ પણ વધી રહ્યા હોવા છતાં આજે ડોલર અને રૂપિયા વચ્ચે વધઘટે રૂપિયો નજીવો સુધરીને બંધ રહ્યો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 3 પૈસા સુધરીને 95.42ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.45ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.95, પાઉન્ડ 128.94, કેનેડિયન ડોલર 68.64, ઓસ્ટ્રેલિયન ડોલર 67.74, જાપાનીઝ યેન 0.5997 અને સીંગાપોર ડોલર 74.54ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.42 રૂ. |
| યુરો | 110.95 રૂ. |
| પાઉન્ડ | 128.94 રૂ. |
| યેન | 0.5997 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -70.71 | 78009.25 |
| નિફ્ટી | -29.85 | 24366.00 |
| બેન્ક નિફ્ટી | -144.15 | 57491.10 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અપોલો હોસ્પિટલ | 3.73 | 8920.50 |
| ભારતી એરટેલ | 2.73 | 1992.10 |
| અદાણી પોર્ટસ | 2.53 | 1700.00 |
| અદાણી એન્ટર | 2.37 | 3035.10 |
| ICICI બેન્ક | 0.73 | 1417.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીએમપીવી | 4.32 | 334.50 |
| જિયો ફાઇ. | 2.56 | 249.05 |
| એશિયન પેઇન્ટસ | 2.15 | 2696.30 |
| હિન્દાલ્કો | 1.60 | 1029.50 |
| ઓએનજીસી | 1.46 | 236.40 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારતી એરટેલ | 2.53 | 1992.00 |
| અદાણી પોર્ટસ | 1.82 | 1695.00 |
| ICICI બેન્ક | 0.57 | 1418.00 |
| ટાઇટન કંપની | 0.56 | 5079.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.35 | 3439.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 1.69 | 2710.00 |
| ઇન્ટરગ્લોબ | 1.39 | 5315.00 |
| એનટીપીસી | 1.19 | 341.00 |
| પાવરગ્રીડ | 1.08 | 266.50 |
| એસબીઆઇ | 1.04 | 1068.00 |

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૮૦૦ |
| તેજાબી સોનું | ૧૫૭૭૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૯૧૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૬૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૮૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૨૨૦૦ |

**તેલ બજાર સુરત**
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૨૦૦ |
| એસ-30 | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |

## રશિયન ક્રૂડ ઓઇલ પર ભારતની નિર્ભરતા રેકોર્ડ 55.5%એ પહોંચી

**રશિયન** ઉર્જા આયાતકાર પર 100 ટકા ટેરિફ લાદતો યુએસ કાયદો જોખમી બની શકે

**રશિયન** ઓઇલ પરની નિર્ભરતા નવી અનિશ્ચિતતાનો સામનો કરી રહી છે

મુંબઈ, તા. 14: જુલાઈ 2026 માં રશિયાના ક્રૂડ ઓઇલ પર ભારતની નિર્ભરતા વધીને 55.5% થઈ ગઈ છે, જે એક નવો રેકોર્ડ છે. યુએસ સેનેટ દ્વારા રશિયન ઉર્જાના મુખ્ય ખરીદદારો પર 100 ટકા ટેરિફ લાદવાની શક્યતા ધરાવતું બિલ પસાર થતાં, સ્થાનિક રિફાઇનર્સ અને આયાત ખર્ચ માટે જોખમો ઉભા થયા છે, જેનાથી આ નિર્ભરતા નવી અનિશ્ચિતતાનો સામનો કરી રહી છે. જુલાઈ 2026માં ભારતની રશિયન ક્રૂડ ઓઇલ પરની આયાત કુલ રાષ્ટ્રીય વપરાશના આશરે 55.5 ટકા જેટલી હતી. આ વધારો ભારતની ઉર્જા સ્ત્રોત વ્યૂહરચનામાં નોંધપાત્ર પરિવર્તનને દર્શાવે છે.

## બે અલગ કસૂર બદલ એક ભેગો પેનલ્ટી ઓર્ડર પસાર થઈ શકે?

**ટેક્સ ટ્વિટર**
**વિરેશ રૂદલાલ**

આવકવેરા કાયદો 1961માં એક જ કસૂર માટે બે અલગ અલગ કલમો હેઠળ પેનલ્ટી લાગે છે. દા.ત. કલમ-271(1)(b) હેઠળ કલમ-152(1), 143(2), 142(2A)ની વિવિધ નોટીસોના જવાબ આપવામાં ચૂક બદલ દરેક તારીખે થયેલ આવી ચૂક બદલ 10,000નો દંડ લાગે છે તો આવા જ કસૂર બદલ કલમ-272A(1)(d) માટે પણ 10,000 નો દંડ લાગે છે આમ બન્ને એક સરખા કસૂર બદલ બે કલમો હેઠળ પેનલ્ટી લાગે છે. આને અરસ પરસ વ્દાપ્ત (overlapping) કહી શકાય જો કે હવે તો કલમ-271(1)(c) તા-1-4-2017 થી નાબૂદ થયેલ છે એટલે કલમ - 272A(1)(d) મુજબ એક જ ઠેકાણેથી પેનલ્ટી લાગે છે જે નવા ઈન્કમટેક્ષ એકટ 2025માં કલમ-465 (1)(d) મુજબ તા-1-4-2026 થી લાગશે.

### ક્યા કસૂરો બદલ પેનલ્ટી

હવે જ કલમ-272A(1)(d) મુજબના કસૂરો છે તેમાં મુખ્યત્વે આકારણીને લગતી બાબત અંગે જે સત્ય જણાવવાનું કે આવકવેરા સત્તાધીશ દ્વારા પૂછેલા પ્રશ્નોના જવાબ નહિ આપે તેવા કસૂર, આવકવેરા કાયદાની કલમ-131(1) હેઠળ સમન્સ જારી હેઠળ હાજર રહેવાનું ફરમાન હોય કે પૂરાવા અથવા હિસાબી ચોપડા કે અન્ય દસ્તાવેજ રજૂ કરવાના આદેશનું પાલન નહિ કરવાનો કસૂર, ઉપરોક્ત કલમ-142 ની વિવિધ કસરો.

### ભેગી પેનલ્ટી

અમૃતસર ટ્રીબ્યુનલે હરમીત સિંઘ વિ ઈન્કમટેક્ષ ઓફિસરના કેઈસમાં બેંચે આપેલ ચૂકાદામાં કલમ-272A(1)(d) હેઠળ કલમ-142 (1)ના બે તારીખોએ હાજર નહિ રહેવા અંગે એક જ ભેગો ઓર્ડર પસાર કરેલો તે રદબાતલ ઠેરવેલો. વળી સુરતની ટ્રીબ્યુનલ બેંચે ડિમકી હેમાંગ ઝવેરીમાં અલગ અલગ વર્ષો માટે એક જ તારીખના કસૂર માટે 7 વર્ષોની 7000 પેનલ્ટી રદબાતલ કરીને એક જ 10000ન પેનલ્ટી કન્ફર્મ કરી છે.

### પેનલ્ટી ક્યારે બચી શકે?

» સ્વર્ણાબેન એમ. ખન્નાના અમદાવાદ ટ્રીબ્યુનલના ચૂકાદામાં એવું નોંધ્યુ કે કરદાતા રીઢો કસૂરદાર (habitual defaulter) નથી તેથી પેનલ્ટી લાગી શકે નહિ

» અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ ભવન ટ્રસ્ટમાં દિલ્હીની ટ્રીબ્યુનલ બેંચે એવું સ્ટેન્ડ લીધુ કે એસેસમેન્ટ ઓર્ડર પૂરી ચર્ચા સાથે અને ચોપડાઓ તપાસીને કલમ-143(3) મુજબ થયો છે અને કલમ -144 મુજબ અહેતરફી (Ex parte) નથી તેથી આવી પેનલ્ટી માફ (waived) થયેલી જ ગણાય.

### ફેસ-લેસ યુગ

હવે જ્યારે તમામ પ્રોસીડીગ્સ ફેસ-લેસના માધ્યમથી થાય છે, જાતે હાજર રહેવાની જરૂર નથી તે સંજોગોમાં હવે આ પેનલ્ટી બહુ પ્રસ્તુત લાગતી નથી છતાં પણ સમય સમયે પોર્ટલ ઉપર ઠરાવ અરજી નાખી દેવી જરૂરી છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂ.** | ૭૫/૩૬ ’’ | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૫ | ૫૦/૩૬ ’’ | ૧૪૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧.૨૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૮ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૬ |
| ૬૮/૩૬ | ૧૫૧ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૫૫.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૯ | ૧૦૦ ટેક્ષ | ૧૪૭ | ૬૮ ક્રિમ્પ | ૧૫૨ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૭ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૭.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૮ | ૮૦/૭૨ રોટો | ૧૫૪.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૦ | ૮૦ ક્રિમ્પ | ૧૪૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૩ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૦ | ૮૦/૭૨ રોટો | ૧૫.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૪ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૪૬ | ૮૦/૧૦૮ ’’ | ૧૫૩ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૨ |

## રેપ્કો હોમ ફાઇનાન્સના Q1 પરિણામો જાહેર

રેપ્કો હોમ ફાઇનાન્સ લિમિટેડે Q1FY27ના પરિણામો જાહેર કર્યા છે. જૂન 2026ના અંતે કંપનીની કુલ લોન બુક 8.9% વધીને રૂ.15,990 કરોડ પર પહોંચી છે. કંપનીની કુલ આવક 6.1% ની વૃદ્ધિ સાથે રૂ.468 કરોડ થઇ છે. ચોખ્ખો નફો રૂ.108 કરોડથી વધીને રૂ.114 કરોડ નોંધાયો છે. ગ્રોસ NPA (GNPA) ઘટીને 2.7% અને ચોખ્ખી NPA 1.2% રહી છે. લોન વિતરણ રૂ.843 કરોડ રહ્યું છે. કુલ લોન બુકમાં 70.8% હિસ્સો હાઉસિંગ લોનનો અને 100% હિસ્સો રિટેલ લોનનો છે.

## હોરાઇઝન ઇન્ડસ્ટ્રીયલ પાર્ક્સ લિ.નો આઇપીઓ

હોરાઇઝન ઇન્ડસ્ટ્રીયલ પાર્ક્સ લિમિટેડનો આઇપીઓ સોમવાર, 17 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે. પ્રાઇસ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂ.57થી રૂ.60 નક્કી કરવામાં આવ્યો છે. આઇપીઓ બુધવાર, 19 ઓગસ્ટ, 2026ના રોજ બંધ થશે.

## ગજા અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટનો આઇપીઓ

ગજા અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટ લિમિટેડનો આઇપીઓ બુધવાર, 19 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે. પ્રાઇસ બેન્ડ ઇક્વિટી શેરદીઠ રૂ. 152થી રૂ. 160 નક્કી કરવામાં આવી છે. આઇપીઓ શુક્રવાર, 21 ઓગસ્ટ, 2026ના રોજ બંધ થશે.


**-:જાહેર નિવિદા:-**

સ્ટેટ હોસ્પિટલ, ધરમપુર જિ. વલસાડ માટે સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે ઓક્સિજન રીફીલીંગ ટેન્ડર વાર્ષિક કોન્ટ્રાક્ટ કરવા માટે ભાવો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ રૂ.૫૦૦/- (નોન રિફન્ડેબલ) રોકડા કચેરીમા જમા કરાવવામાં આવ્યેથી કચેરી સમય દરમ્યાન જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા.૨૧/૦૮/૨૦૨૬ સુધીમાં મેળવી લેવા. ભરેલા ટેન્ડર ફોર્મ તા. ૫/૦૯/૨૦૨૬ સુધીમાં રજી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે. ટેન્ડરના કવર ઉપર જે આઇટમના ભાવ ભરવામાં આવેલ હશે તેની વિગત અચુક લખવાની રહેશે. રૂબરૂ ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. ટેન્ડર અંગેની તમામ શરતો ટેન્ડર ફોર્મમા દર્શાવ્યા મુજબની રહેશે. ભાવ મંજુર રાખવા કે નહીં તેના તમામ હક્ક હોસ્પિટલ અધિક્ષકને અબાધિત રહેશે.

નં. માહિતી/વલસાડ/૩૧૭/૨૦૨૬ — અધિક્ષક, સ્ટેટ હોસ્પિટલ ધરમપુર

**જાહેર નિવિદા**

આથી ગુજરાત સરકારશ્રીના માન્ય ઈસમો પાસેથી રાજપીપલા નગરપાલિકા દ્વારા નીચે જણાવેલ વિગતના ભાવો મંગાવવામાં આવે છે.

| અનુ. નં. | કામનું નામ | એસ્ટીમેટ રકમ | ઈએમડી ની રકમ | ટેન્ડર ફી |
|---|---|---|---|---|
| ૧ | રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં રખડતા ઢોરને પકડીને નજીકની પાંજરાપોળમાં મોકલવા માટેનું કામ | ૫,૦૦,૦૦૦ | ૫૦૦૦ | ૯૦૦ |

ઉપરોક્ત કામ અંગે ઈજારદારે પોતાનું યોગ્ય લાગુ પડતું રજીસ્ટ્રેશન, અનુભવના પ્રમાણપત્રની ખરી નકલ રજુ કરેથી ટેન્ડર આપવામાં આવશે. ટેન્ડરની સાથે ઈએમડીનો રાજપીપલા નગરપાલિકાના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ/બેંક ગેરેંટી અવશ્ય સામેલ કરવાનો રહેશે. આવેલ ભાવો મંજુર કરવા કે નહીં તેની સંપૂર્ણ સત્તા નગરપાલિકાની રહેશે. ટેન્ડર તારીખ-૧૪/૦૮/૨૦૨૬ થી તા.૧૯/૦૮/૨૦૨૬ સુધી નગરપાલિકામાંથી મેળવી તા.૨૦/૦૮/૨૦૨૬ સુધીમાં મળી રહે તે રીતે નગરપાલિકાને મોકલવાના રહેશે.
ટેન્ડર ખોલવાની તારીખ: ૨૧/૦૮/૨૦૨૬
નગરપાલિકા કચેરી,
રાજપીપલા.
માહિતી/નર્મદા/૨૧૨/૨૦૨૬-૨૭

મુખ્ય અધિકારી
રાજપીપલા નગરપાલિકા

**રાજપીપળા નગરપાલિકા વિસ્તારની જાહેર જનતા માટે અગત્યની સુચના**

(૧) રખડતા ઢોર અંગેની સુચના:
રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં રસ્તાઓ, જાહેર માર્ગો, બજાર વિસ્તારો તથા રહેણાંક વિસ્તારોમાં રખડતા પશુઓના કારણે જાહેર જનતાને અવરજવર કરવામાં મુશ્કેલી તેમજ વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભું થતું હોવાનું ધ્યાને આવેલ છે. આથી રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં પશુઓ રાખતા તમામ માલિકોને જાહેર જનતાના હિતમાં સૂચિત કરવામાં આવે છે કે તેઓ પોતાના પશુઓને જાહેર રસ્તાઓ, ફૂટપાથ, બજાર તથા અન્ય જાહેર સ્થળોએ રખડતા ન છોડે અને પશુઓને યોગ્ય રીતે પોતાના નિયંત્રણ હેઠળ રાખે. નગરપાલિકા દ્વારા દિન-૫ બાદ રખડતાં ઢોરને પકડીને પાંજરાપોળ મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ ત્યારબાદ કોઈપણ તકરાર ધ્યાને લેવામાં આવશે નહીં. નગરપાલિકા દ્વારા લાગુ પડતા નિયમો તથા કાયદાકીય જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

(૨) બંધ લારી ગલ્લાઓ અંગેની સુચના:
રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં રસ્તાઓ, જાહેર માર્ગો, બજાર વિસ્તારો તથા રહેણાંક વિસ્તારોમાં આવેલા બંધ લારી ગલ્લાઓ ના કારણે જાહેર જનતાને અવરજવર કરવામાં મુશ્કેલી તેમજ વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભું થતું હોવાનું ધ્યાને આવેલ છે. આથી રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં આવેલા બંધ લારી ગલ્લાઓના માલિકોને જાહેર જનતાના હિતમાં સૂચિત કરવામાં આવે છે કે દિન-૫ માં તેમના લારી ગલ્લાઓ જાતે હટાવી લઈ યોગ્ય નિકાલ કરે અન્યથા નગરપાલિકાની ટીમ દ્વારા દિન-૫ બાદ આ બંધ લારી ગલ્લાઓ કબજે કરી અત્રેથી નિકાલ કરવામાં આવશે. તેમજ ત્યારબાદ કોઈપણ તકરાર ધ્યાને લેવામાં આવશે નહીં.

(૩) બંધ વાહનો તેમજ શેરીઓમાં પડેલા ભંગાર અંગેની સુચના:
રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં રસ્તાઓ, જાહેર માર્ગો, બજાર વિસ્તારો તથા રહેણાંક વિસ્તારોમાં આવેલા બંધ વાહનો તેમજ શેરીઓમાં પડેલા ભંગાર કારણે જાહેર જનતાને અવરજવર કરવામાં મુશ્કેલી તેમજ વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભું થતું હોવાનું ધ્યાને આવેલ છે. આથી રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં બંધ વાહનો તેમજ શેરીઓમાં પડેલા ભંગાર માલિકોને જાહેર જનતાના હિતમાં સૂચિત કરવામાં આવે છે કે દિન-૫ માં તેમના બંધ વાહનો તેમજ શેરીઓમાં પડેલા ભંગાર જાતે હટાવી લઈ યોગ્ય નિકાલ કરે અન્યથા નગરપાલિકાની ટીમ દ્વારા દિન-૫ બાદ બંધ વાહનો તેમજ શેરીઓમાં પડેલા ભંગાર કબજે કરી અત્રેથી નિકાલ કરવામાં આવશે. તેમજ ત્યારબાદ કોઈપણ તકરાર ધ્યાને લેવામાં આવશે નહીં.

માહિતી/નર્મદા/૨૦૯/૨૦૨૬-૨૭ — ચીફ ઓફિસર, રાજપીપળા નગરપાલિકા


# અમેરિકન નૌકાદળના અબ્રાહમ લિંકન યુદ્ધજહાજને કેમ પાછું બોલાવી લેવું પડ્યું?



**ટુંધ પોઇન્ટ ■ સંજય વોરા ■**

ઇરાન સામેના યુદ્ધમાં અમેરિકાને એક પછી એક પછડાટનો સામનો કરવો પડી રહ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના લાખ પ્રયાસો છતાં હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી થઈ નથી. તેવામાં નાટોના સંમેલન માટે તુર્કી ગયેલા ટ્રમ્પને હત્યાના ડરથી કેટરિંગ ટ્રકમાં છૂપાઈને ભાગવું પડ્યું તેમાં તેમની નામોશી થઈ છે. હવે સમાચાર આવ્યા છે કે હોર્મુઝને ઘેરો ઘાલીને બેઠેલાં અમેરિકી નૌકાદળના ગૌરવ સમાન વિમાનવાહક જહાજ અબ્રાહમ લિંકનના નાવિકોનો બળવો થતાં તેને પાછું બોલાવી લેવાની ફરજ પડી છે. અમેરિકાએ વિમાનવાહક જહાજ યુએસએસ અબ્રાહમ લિંકનના સ્થાને યુએસએસ જ્યોર્જ વોશિંગ્ટનને તૈનાત કરવાનો નિર્ણય કરવો પડ્યો છે.ખરેખર, ૨૫૦ દિવસથી વધુ સમયની અસામાન્ય રીતે લાંબી તૈનાતીને કારણે લિંકન પર સવાર નૌસૈનિકોમાં ગંભીર માનસિક તકલીફો પેદા થઈ હતી. તેમાંના કેટલાકે દરિયામાં કૂદીને આત્મહત્યાના પ્રયાસો પણ કર્યા હતા. અબ્રાહમ લિંકન પર માળખાકીય સુવિધાઓ ખાડે ગઈ હતી. તેના પાંચ હજાર કર્મચારીઓ દૂષિત પાણી, ખોરાકની અછત અને તૂટેલાં શૌચાલયના કારણે ત્રાહિમામ્ પોકારી ગયા હતા. નૌસૈનિકો દ્વારા બળવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા.

યુએસએસ અબ્રાહમ લિંકન એ નિમિત્ઝ-ક્લાસ પરમાણુ સંચાલિત વિમાનવાહક જહાજ છે. ૧ લાખ ટનથી વધુ વજન ધરાવતું, તે આશરે ૧,૧૦૦ ફૂટ લાંબું છે અને અત્યાર સુધીનાં સૌથી મોટાં યુદ્ધ જહાજોમાંનું એક છે. આ વિશાળ જહાજ ૬૦ થી ૯૦ ફાઇટર જેટ, હેલિકોપ્ટર અને સર્વેલન્સ વિમાન લઈ જઈ શકે છે. તે હવાઈ કામગીરી માટે મુખ્ય કમાન્ડ સેન્ટર અને લોન્ચ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે. આ વિમાનવાહક જહાજ ડિસ્ટ્રોયર સ્ક્વોડ્રન ૨૧ ના અનેક માર્ગદર્શિત મિસાઇલ વિનાશકો દ્વારા સુરક્ષિત છે. આમાં USS ફ્રેન્ક ઇ. પીટરસન જુનિયર, USS સ્પ્રુઅન્સ અને USS માઇકલ મર્ફીનો સમાવેશ થાય છે. આ યુદ્ધ જહાજો અદ્યતન રડાર સિસ્ટમ્સ, મિસાઇલ ઇન્ટરસેપ્ટર્સ અને ટોમ હોક ક્રુઝ મિસાઇલોથી સજ્જ છે. કાફલાનું મુખ્ય હુમલા બળ કેરિયર એર વિંગ ૯ માંથી આવે છે. તેમાં F-૩૫C લાઇટનિંગ II સ્ટીલ્થ ફાઇટર અને F/A-૧૮ સુપર હોર્નેટ જેવાં અદ્યતન લડાયક વિમાનોનો સમાવેશ થાય છે. વધુમાં, તેમાં ઇલેક્ટ્રોનિક યુદ્ધ માટે EA-૧૮G રોલર વિમાનોનો પણ સમાવેશ થાય છે, જે દુશ્મન રડાર સિસ્ટમને જામ કરવાની ક્ષમતામાં અનન્ય છે. E-૨D એરબોર્ન સર્વેલન્સ અને પ્રારંભિક ચેતવણી માટે પણ સામેલ છે. સપાટી પરનાં યુદ્ધ જહાજો ઉપરાંત તેના કાફલામાં સામાન્ય રીતે એક કે બે પરમાણુ સંચાલિત હુમલા સબમરીનનો સમાવેશ થાય છે. આ દુશ્મન સબમરીન સામે રક્ષણ પૂરું પાડે છે અને જો જરૂરી હોય તો ક્રુઝ મિસાઇલ વડે હુમલો પણ કરી શકે છે. આ સ્ટ્રાઇક ગ્રુપ વિશ્વનાં કેટલાંક સૌથી અદ્યતન શસ્ત્રોથી સજ્જ છે, જેમાં વિનાશક ટોમાહોક ક્રુઝ મિસાઇલોનો સમાવેશ થાય છે.

અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયર પર સવાર આશરે ૫,૦૦૦ ખલાસીઓ અને સૈનિકો ૨૧ નવેમ્બરના રોજ સાન ડિએગોથી રવાના થયા હતા. શરૂઆતમાં તેને પેસિફિક સમુદ્રમાં તૈનાતી માટે મોકલવામાં આવ્યું હતું. ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન સાથે અમેરિકાનું યુદ્ધ શરૂ થયા પછી તેને મધ્ય પૂર્વ તરફ વાળવામાં આવ્યું હતું. એરક્રાફ્ટ કેરિયર હવે સતત ૨૦૦ દિવસથી વધુ સમય સુધી કોઈ બંદર પર ડોક થયું નથી, જેના કારણે તેના સૈનિકોની સહનશીલતાનો અંત આવ્યો છે.

આ પરિસ્થિતિથી ગભરાઈ ગયેલા અમેરિકાએ હવે આ ફાઇટર જેટને વહન કરવા સક્ષમ યુદ્ધ જહાજને બદલે યુએસએસ જ્યોર્જ વોશિંગ્ટનને મધ્ય પૂર્વ મોકલવાનો નિર્ણય લીધો છે. યુએસ નેવીના લશ્કરી પ્રવૃત્તિઓથી પરિચિત અધિકારીઓના જણાવ્યા અનુસાર એરક્રાફ્ટ કેરિયર યુએસએસ જ્યોર્જ વોશિંગ્ટન હિંદ મહાસાગર તરફ આગળ વધી રહ્યું છે. અગાઉ આ યુદ્ધજહાજ વિયેતનામના દાનાંગથી રવાના થયું હતું અને સિંગાપોર અને મલાક્કા સ્ટ્રેટમાંથી પસાર થયું હતું.

ધ ગાર્ડિયન અને ધ હિલમાં પ્રકાશિત થયેલા અહેવાલો અનુસાર એવી ઘણી ઘટનાઓ બની છે, જ્યાં ખલાસીઓએ સમુદ્રમાં કૂદવાનું વિચાર્યું હોય અથવા પ્રયાસ કર્યો હોય. ઓછામાં ઓછા એક ક્રૂ મેમ્બરને બીજા ખલાસી દ્વારા આમ કરવાથી અટકાવવામાં આવ્યો હતો. હવે તે ખલાસીઓનાં પરિવારોએ પણ જહાજ પરનાં લોકોમાં આત્મહત્યાના વિચારો આવવા અંગે ચિંતા વ્યક્ત કરી છે. ડેમોક્રેટિક કોંગ્રેસમેન માઇક લેવિને જહાજ પર તૈનાત ખલાસીઓની સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું કે તેમની પાસે ફુગાયેલા ફુવારાઓ, તૂટેલાં શૌચાલયો, કપડાં ધોવાની વ્યવસ્થાનો અભાવ, લાંબા સમય સુધી ગરમ પાણી ન મળવું અને ખોરાકના નામે ફક્ત અડધો કપ ભાત અને બે બ્રેડ હતા. તેમની પાસે કોઈ સાબુ, કોઈ ડિઓડરન્ટ અથવા ટૂથપેસ્ટ પણ નહોતાં. ગયા ગુરુવારે, સાન ડિએગોમાં નૌસૈનિકોના લગભગ ૨૦૦ પરિવારનાં સભ્યો માટે ટાઉન હોલ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં એક મહિલાએ અધિકારીઓને જણાવ્યું હતું કે તેના પતિએ તેને મેસેજ કર્યો હતો અને કહ્યું હતું કે તેને લાગે છે કે તે કાલે સવારે ઊઠશે નહીં. નેવી ટાઇમ્સ અનુસાર વારંવાર તૈનાતી લંબાવ્યા પછી તેના પતિએ સમુદ્રમાં કૂદવાનો પ્રયાસ કર્યો હતો. યુએસએસ અબ્રાહમ લિંકન પર તૈનાત આશરે ૫,૦૦૦ સૈનિકોનાં પરિવારો કહે છે કે દરિયામાં નવ મહિનાના રોકાણ દરમિયાન તેમને જમીનનાં દર્શન પણ થયાં નથી. વળી, નબળી સુવિધાઓ અને વારંવાર તૈનાતીએ તેમને માનસિક રીતે થકવી દીધા છે. એનાબેલ લોમા નામની મહિલાએ મિલિટરી ટાઇમ્સને જણાવ્યું હતું કે વારંવાર તૈનાતી લંબાવાયા પછી તેના પતિએ દરિયામાં કૂદવાનો પ્રયાસ કર્યો હતો. તેના પતિ સંપૂર્ણપણે થાકી ગયા હતા અને તેમની કારકિર્દી માટે ડરતા હતા. તેમને લાગે છે કે ખરાબ રેકોર્ડ સાથે તેમને લશ્કરમાંથી કાઢી મૂકવામાં આવશે. બીજા એક બનાવમાં એક નાવિકની પત્નીએ અહેવાલ આપ્યો કે તેના પતિએ એક સાથી સૈનિકને દરિયામાં કૂદતા અટકાવ્યો. તેણે સૈનિકને પકડી લીધો અને તેને જહાજના તૂતક પર પાછો ખેંચી લીધો. આટલી લાંબી તૈનાતી કેટલાક સૈનિકોને તેમની સહનશક્તિની મર્યાદામાં ધકેલી રહી છે.

એનાબેલ લોમાએ કહ્યું કે તેમને આ ઘટના વિશે જહાજના કેપ્ટન દ્વારા જાણ કરવામાં આવી હતી. જો કે, તેમને યુએસ નેવી તરફથી કોઈ માહિતી મળી નથી. તેમણે કહ્યું કે તેમના પતિને હવે મેડિકલ હોલ્ડ પર રાખવામાં આવ્યા છે, જેનો અર્થ એ છે કે નાવિક પર તબીબી કારણોસર નજર રાખવામાં આવી રહી છે. અન્ય એક ન્યૂઝ આઉટલેટ “ધ ક્રેડલ”એ અહેવાલ આપ્યો છે કે યુએસએસ અબ્રાહમ લિંકન પર સવાર ઓછામાં ઓછા છ ખલાસીઓએ જહાજ પરથી કૂદી પડવાનો પ્રયાસ કર્યો હતો. મારિયા રોડ્રિગ્ઝે જણાવ્યું કે એક નાવિકે દરિયામાં કૂદકો મારવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેના પતિએ તેને હાથથી પકડી લીધો અને તેને પાછો ડેક પર ખેંચી લીધો હતો.

દરમિયાન, યુએસ સેન્ટ્રલ કમાન્ડે યુએસએસ અબ્રાહમ લિંકન પર સવાર ખલાસીઓનાં મૃત્યુ અંગેના મીડિયા અહેવાલોને બનાવટી અને ખોટા ગણાવ્યા છે. તેણે સમુદ્રમાં પડી ગયેલા ખલાસી વિશેની માહિતી પણ શેર કરી છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડનું આ નિવેદન ઈરાની મીડિયાના દાવા બાદ આવ્યું છે કે યુએસએસ અબ્રાહમ લિંકન યુદ્ધ જહાજ પર વધતા તણાવ અને લાંબા સમય સુધી તૈનાતીને કારણે ક્રૂમાં અશાંતિ ફેલાઈ છે. ઈરાની મેહર ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે આ અથડામણમાં સાત યુએસ નેવી કર્મચારીઓ માર્યા ગયા છે અને ઘણા અન્ય ઘાયલ થયા છે.

જો કે, આ કોઈ નવી ઘટના નથી. આ વર્ષની શરૂઆતમાં યુએસએસ ત્રિપોલી અને યુએસએસ જિરાલ્ડ ફોર્ડને પણ ગટરની સમસ્યા અને ખોરાકની અછતનો સામનો કરવો પડ્યો હતો. મે મહિનામાં ગેરાલ્ડ ફોર્ડ નામના યુદ્ધજહાજ પર લાગેલી આગને બૂઝાવતા નાકે દમ આવી ગયો હતો. એવી અટકળો ઊભી થઈ હતી કે જિરાલ્ડ ફોર્ડમાં આગ થાકેલા ખલાસીઓ દ્વારા જાણી જોઈને લગાવવામાં આવી હતી. યુએસ નેવીએ તેની તપાસ શરૂ કરી છે. આ ઘટનાઓ અને યુએસએસ અબ્રાહમ લિંકન પરની હાલની ઘટના ઈરાન સાથે લાંબા સમયથી ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે અમેરિકન ખલાસીઓ કઈ મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે તે દર્શાવે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**તેનાં પાંચ હજાર કર્મચારીઓ દૂષિત પાણી, ખોરાકની અછત અને તૂટેલાં શૌચાલયના કારણે ત્રાહિમામ્ પોકારી ગયાં હતાં. નૌસૈનિકો દ્વારા બળવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા**











